| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૦૩/૦૪/૨૦૨૫ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૪૪૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧૦ લીટર દેશી દારૂ, ૩૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૧૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૧૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૪૫૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૪૫૧/૨૦૨૫**

**ઓઢવઃ** દરજારામ રૂપાજી ચૌધરી (ઉ.વ.૪૮) (રહે. પોપ્યુલર પાર્ક સોસાયટી બળીયાદેવ પાર્ટી પ્લોટ પાસે કુમાવત ભવનની બાજુમાં ઓઢવ) એ તા.૦૨/૦૪/૨૦૨૫ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દરજારામ ચૌધરી કરીયાણાની દુકાન ધરાવી ધંધો કરતા હોય તેમજ ગ્રાહકોની ઓનલાઈન ચુકવણી સારૂં પેટીએમ સ્કેનર રાખેલ હતું. તા.૦૭/૦૧/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે દરજારામ ચૌધરીની દુકાન ખાતે બે પુરૂષ આવ્યા હતા, અને પેટીએમ કંપનીના કર્મચારી તરીકેની ઓળખ આપી દરજારામ ચૌધરીની દુકાન ખાતે પેટીએમ કંપનીનું ડીવાઈસનું સાઉન્ડ ચાલું કરી આપવા તેમજ તેનું માસિક રૂપિયા ૧૨૫/– ભાડુ બંધ કરાવી આપવાનો વિશ્વાસ અને ભરોસો આપી, પ્રોસેસ કરવાના બહાને દરજારામ ચૌધરીનો મોબાઈલ ફોન લઈ પેટીએમ એપ્લીકેશનનો પાસવર્ડ જાણી લઈ, દરજારામ ચૌધરીને વાતોમાં વ્યસ્ત રાખી દરજારામ ચૌધરીના બેંક ખાતામાંથી રૂપિયા ૯૯,૦૦૦/– તેઓના અન્ય ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.એન.ઝીંઝુવાડીયા ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૪૫૨/૨૦૨૫**

**નરોડાઃ** વર્ષાબહેન વા/ઓ હર્ષભાઈ મીરાણી (રહે. શિખર સાઈન ફલેટ પ્રિયા પેલેસની બાજુમાં નાના ચિલોડા) એ તા.૦૨/૦૪/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૩/૨૦૨૫ થી તા.૩૧/૦૩/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કબાટમાંથી સોનાની બંગડી નંગ–૨ કિમત રૂપિયા ૯૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૪૫૩/૨૦૨૫**

**આનંદનગરઃ** નિલેષભાઈ રાધામોહન ગુપ્તા (રહે. રત્નાકર બ્લ્યુ મોન્ડ એચ.પી.પેટ્રોલપંપ સામે પ્રેરણાતીર્થ દેરાસર રોડ આનંદનગર) એ તા.૦૨/૦૪/૨૦૨૫ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નિલેષભાઈ ગુપ્તાના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતા ધનરાજ રામા ડામોર (મુળ વતન. ગામ–ડુકા તા–સીમલવાડા જી–ડુંગરપુર રાજસ્થાન) તા.૨૯/૦૩/૨૦૨૫ સાંજના ૬/૦૦ થી તા.૩૦/૦૩/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિલેષભાઈ ગુપ્તાના ઘરના કબાટમાંથી રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/– ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી કે.એસ.પાંડોર ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૪૫૪/૨૦૨૫**

**અમરાઈવાડીઃ** નિરજસિંહ ગોપાલસિંહ રાજવત (ઉ.વ.૩૩) (રહે. શિવાનંદનગર સત્યનગર પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૪/૨૦૨૫ રાતના ૯/૦૦ થી તા.૦૨/૦૪/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

**એરપોર્ટઃ** રૂપાબહેન ડો/ઓ બિજલભાઈ રાઠોડ (ઉ.વ.૪૨) (રહે. રમેશદત્ત કોલોની જય બાબારી ડેકોરેશન પાસે જીવનદીપ હોસ્પિટલ પાછળ સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૪/૨૦૨૫ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.ડી.પુરોહીત ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ** જૈનમ જયંતીભાઇ ચૌહાણ (ઉ.વ.૧૯) (રહે. પંચરત્ન હોમ્સ આયોજનનગર પાસે વિંઝોલ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૪/૨૦૨૫ કલાક ૦૦/૦૦ થી કલાક ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતના લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

**નારોલઃ** મુબારક સ/ઓ મોહમદરોજા અંસારી (ઉ.વ.૧૮) (રહે. એવન પંચરની દુકાનમાં ભગવતી પાર્કીંગની બાજુમાં વટવા ટર્નીંગ પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૪/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને રતન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમ્યાન કલાક ૩/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ અર્જુનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી